૫-૧૦-૦૮ સૌ. કચ્છ...

# રાજકોટમાં વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી

રાજકોટ: વન્ય પ્રાણી સપ્તાહ-૨૦૦૮ની ઉજવણીના ભાગરૂપે વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન ટ્રસ્ટ, ગુજરાત વન વિભાગ, બાલભવન તથા રાજકોટ પ્રાણી સંગ્રહાલય દ્વારા રાજકોટમાં વિવિધ કાર્યક્રમો યોજાનાર છે. આ સપ્તાહની ઉજવણીનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ મેયર સંધ્યાબેન વ્યાસનાં અધ્યક્ષસ્થાને તા.૪-૧૦-૦૮ સવારે ૧૦-૩૦ કલાકે રેસકોર્ષ ખાતે ડો.શ્યામપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી ખાતે યોજાશે. કાર્યક્રમનું ઉદ્‌ઘાટન રાજ્યનાં અગ્ર મુખ્ય વન સંરક્ષક (વન્ય પ્રાણી) પ્રદીપ ખન્ના કરશે. અતિથિવિશેષ પદે રાજકોટ મ્યુનિ. કમિશનર ડી.એચ. બ્રહ્મભટ્ટ, જિલ્લા વિકાસ અધિકારી જયપ્રકાશ શિવહરે, બાલભવનના મેનેજીંગ ટ્રસ્ટી મનસુખભાઈ જોશી તેમજ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ દિનેશભાઈ બગડાઈ ઉપસ્થિત રહેશે.

વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી દરમિયાન વન્ય પ્રાણી તથા પર્યાવરણ અંગેનું તસ્વીર પ્રદર્શન યોજાશે. વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન ટ્રસ્ટ દ્વારા ગીરમાં ખુલ્લા કુવા-વન્ય પ્રાણી માટે આફત એ વિષયે પ્રદર્શન યોજાયું છે. આ ઉપરાંત, પ્રાણી સંગ્રહાલય તેમજ વન વિભાગ દ્વારા પર્યાવરણ અને વન્ય પ્રાણી વિષય પરનું પ્રદર્શન ખુલ્લુ મુકાશે. જિલ્લાનાં ૧૪ તાલુકાઓમાં તથા રાજકોટ શહેરમાં આપણા ઘર આંગણાની વન્ય પ્રાણી સૃષ્ટિના વિષય પર નિબંધ તથા ડ્રોઈંગ સ્પર્ધા યોજાશે. જિલ્લા કક્ષાની વકતૃત્વ સ્પર્ધા તા.૮-૧૦-૦૮ના રોજ યોજાશે. આ ઉપરાંત વન્ય પ્રાણી સંરક્ષણ અને પર્યાવરણ જાગૃતિ અંગેના જનજાગૃતિના કાર્યક્રમો યોજાશે.

રાજકોટના રેસકોર્ષમાં ડો.શ્યામાપ્રસાદ મુખરજી આર્ટ ગેલેરી ખાતે તા.૪-૫ ઓકટોબર-૦૮ના રોજ સવારે ૧૦-૦૦ થી વન્ય પ્રાણી શૈક્ષણિક મેળો નામક કાર્યક્રમ યોજાશે. જે સાંજે ૭-૦૦ સુધી ખુલ્લો રહેશે. વિદ્યાર્થીઓ અને નાગરિકોને આ કાર્યક્રમ નિહાળવા અનુરોધ થયો છે.

her-
part-
ega-
pers,
al to
f the
orth
n the
been
i au-
s de-
if we
cing
lease
aid.
be a
nori-
fish-
jails
NDESH

# Wildlife week kick starts

**Rajkot:** World Wildlife Week, 2008, celebrated globally from October 2, will be organised with much fanfare in the city with a host of activities lined up. One of the highlights of the events will be Wildlife Education Fair to be held for the first time ever on October 4 and October 5.

According to Wildlife Conservation Trust chairman Kishore Kotecha, a week-long event has been jointly planned by Wildlife Conservation Trust, Gujarat Forest Department, Aji Zoo and Bal Bhavan. "The programmes include essay, drawing and elocution competitions in about 700 schools of Rajkot district and spreading awareness through cinema and slide shows," said Kotecha.

On the wildlife education fair, Kotecha explained, "The Wildlife Education Fair 2008 will be held at Shyamaprasad Mukherjee Art Gallery on Race Course Road on October 4 and October 5. It will also feature photography exhibition of works of well-known photographer Bhushan Pandya, wildlife movies, forest department stall, Rajkot Zoo stall, Gir Foundation stall and 'Open Well Menace' stall by our organisation."

"It is an unprecedented and prestigious event for Gujarat, entry to which will be free. The fair will be inaugurated by principal chief conservator of forest Pradeep Khanna," he added.

SOURCE: SANDESH

The Times of India, Ahmedabad, Friday, October 3, 2008

## વન્ય પ્રાણી જીવન વિશે બાળકોને શિક્ષિત કરવા

# શનિ-રવિવારે સૌ પ્રથમ વાઈલ્ડલાઈફ ફેર યોજાશે

રાજકોટ,ગુરૂવાર

આગામી શનિવાર અને રવિવાર તા.૪,૫ ઓક્ટોબર એમ બે દિવસ માટે અહીંના રેસકોર્સ ખાતે આવેલ આર્ટગેલેરીમાં વાઈલ્ડ લાઈફ એજ્યુકેશન ફેરનું આયોજન થયું છે જે ગુજરાતમાં સૌ પ્રથમ રહેશે.

## ગીર જંગલમાં ૧૧૦૪ કૂવા ફરતે ફેન્સીંગ વોલ કરાઈ: હજુ ૭,૦૦૦ કૂવા સિંહો માટે મોતના કૂવા

વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન ટ્રસ્ટ, ગુજરાત વન વિભાગ, બાલભવન અને રાજકોટ પ્રાણી સંગ્રહાલય એ ચારેય સરકારી-બીનસરકારી સંસ્થાઓના સહયોગથી આમજનતા અને ખાસ કરીને બાળકો માટેના આ ફેરમાં એન્ટ્રી ફી રખાઈ નથી.

આ ફેરમાં ગત વર્ષોમાં જેને કારણે ૩૨ સિંહોના મોત નીપજ્યા છે તે ગીર જંગલના ખુલ્લા કુવા, મેડીસીનના પ્લાન્ટ્સ, વાઈલ્ડ લાઈફ મુવી, વિનામૂલ્યે રોપાં વિતરણ, ગ્લોબલ વોર્મિંગ અને ઓડિયો-વિઝ્યુઅલ વગેરે રખાયું છે જેનો સમય સવારે ૧૦-૩૦થી સાંજે ૭ સુધીનો રહેશે. વધુમાં કિશોર કોટેચાએ જણાવ્યું કે ગીર જંગલમાં અત્યાર સુધીમાં ૧૧૦૪ કૂવાઓ ફરતે ફેન્સીંગ વોલ બાંધવામાં આવી છે જોકે ગીરના સિંહો માનવવસવાટમાં વારંવાર પહોંચી જાય છે તે અંગે સ્પષ્ટ કારણ અપાયું નથી. સપ્તાહ દરમિયાન રાજકોટમાં નિબંધ સ્પર્ધા યોજાઈ છે જેમાં ૧૧૪૧ બાળકોએ ભાગ લીધો છે. જ્યારે ચિત્રકામમાં ૧૨૫૨ બાળકોએ ભાગ લીધો છે. તા.૮મીએ રાજકોટ ઝૂ ખાતે વક્તૃત્વ સ્પર્ધા યોજાશે.

ગુજરાત સમાચાર, રાજકોટ, શુક્રવાર, ૩ ઓક્ટોબર ૨૦૦૮

Divya Bhaskar 2-10-08

# 'આખું જંગલ' બે દિવસ માટે રાજકોટમાં આવશે

**ભાસ્કર ન્યૂઝ** | રાજકોટ

રાજકોટના લોકોને વન્ય સૃષ્ટિ અને ગુજરાતના જંગલો અંગે વૈવિધ્યસભર વિગતો સાંપડી રહે તથા તે માટેની જાગૃતિ કેળવાય તે હેતુથી બે દિવસ માટે વન્ય પ્રાણી શિક્ષણમેળો યોજાશે.

વાઇલ્ડ લાઇફ કન્ઝર્વેશન ટ્રસ્ટ, વન વિભાગ, બાલભવન તથા મહાપાલિકા સંચાલિત ઝૂ ના સંયુક્ત ઉપક્રમે તા.૪ અને ૫ ઓકટોબરના રોજ રેસકોર્સમાં શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી ખાતે વન્ય સૃષ્ટિ પ્રદર્શન યોજાશે. જેમાં જંગલને લગતા ફોટોગ્રાફ, ઝૂ સંલગ્ન પ્રદર્શન, ખુલ્લા કૂવા અંગેની જાગૃતિ જેવી બાબતોનું નિદર્શન થશે.

આ ઉપરાંત રાજકોટ જિલ્લા કક્ષાની વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા તથા ચિત્ર સ્પર્ધાનું આયોજન પણ કરાયું છે. સાથે જ વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફર ભૂષણ પંડયાની તસવીરો પણ જોવા મળશે.

સવારે ૧૦.૩૦ થી સાંજે ૭.૩૦ સુધી શનિ અને રવિવારે આ પ્રદર્શન જોવા મળશે. જેના આયોજનમાં વન અધિકારી જી.વી. વાદી, લિંબાસિયા, કિશોરભાઇ કોટેચા, ડો. એમ.જી. મારડિયા, બાલેન્દ્રભાઇ વાઘેલા, ભૂષણ પંડયા, ભાવેશ ત્રિવેદી વગેરે સક્રિય છે.



## ✦ 'વન્ય પ્રાણી સપ્તાહ'ની ઉજવણી અંતર્ગત ✦

# રાજકોટમાં રાજ્યનો પ્રથમ વાઈલ્ડ લાઈફ એજ્યુકેશન ફેર

રાજકોટ,તા.૧ : સમગ્ર વિશ્વ કાલે તા. ૨જી ઓક્ટોબરથી વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરશે તે અંતર્ગત રાજકોટમાં વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન ટ્રસ્ટ, આજી ઝૂ, બાલભવન અને ફોરેસ્ટ ખાતાના સંયુક્ત આયોજન હેઠળ રાજ્યમાં સૌપ્રથમ વખત કહી શકાય એવો વાઈલ્ડ લાફઈ એજ્યુકેશન ફેર રેસકોર્ષની શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી ખાતે તા. ૪ અને ૫નાં રોજ યોજાશે. વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી અંગે વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન ટ્રસ્ટના કિશોરભાઈ કોટેચા, એડવોકેટ કમલેશ શાહ, વન વિભાગના અધિકારી જી.વી.વાદી, લિંબાસિયા, બાલભવન પરિવારના બાલેંદુભાઈ, આજી ઝુના સુપ્રિ. ડો. મારડિયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, આ વર્ષે વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન ટ્રસ્ટ, વન વિભાગ, આજી ઝૂ અને બાલભવનના સયુંક્ત આયોજન હેઠળ સમગ્ર રાજકોટ જિલ્લામાં આ સાત દિવસ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમા રાજકોટમાં સમગ્ર ગુજરાતમાં અત્યાર સુધી ન થયો હોય એવો વાઈલ્ડ લાઈફ એજ્યુકેશન ફેર તા. ૪ અને તા. ૫ના રોજ યોજાશે. જેનો સમય સવારે ૧૦:૩૦ થી સાંજે ૭ વાગ્યા સુધી રહેશે. આ પ્રદર્શનમાં ડબલ્યુસીટીનો ખુલ્લા કુવા માટેનો સ્ટોલ, ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટનો સ્ટોલ, મેડીશીનલ પ્લાન્ટસ ડિસપ્લે, આજી ઝૂ તરફથી સ્ટોલ, વાઈલ્ડ લાઈફના જાણિતા ફોટોગ્રાફર ભૂષણ પંડ્યાના કલેકશન 'કુદરતની યાત્રા'નું ફોટો પ્રદર્શન, નિહિર સંસ્થાનું ઓડિયો-વિઝ્યુલ એક્વેરીયમ વગરે અનેક આકર્ષણો જોવા મળશે.